વિષય:- ગણિત ધોરણ:-6 સત્ર-2

પાઠ –12 ગુણોત્તર અને પ્રમાણ 25 marks

વિધાથીનું નામ:-.............................................................................................

1. યોગ્ય વિકલ્પ પસંદ કરો. 6 marks

(1) ચોરસની બાજુઓની સંખ્યા અને સમઘનની બાજુઓની સંખ્યાનો ગુણોત્તર....

(A) 1:2 (B) 3 : 2 (C) 4: 1 (D) 1 : 3

(2) એક ચિત્ર 60 સેમી પહોળું અને1.8મીટર લાંબુ છે. તેની પહોળાઈ અને પરિમિતિનો ગુણોત્તર અતિસંક્ષિપ્તરૂપ જણાવો.

(A) 1 : 2 (B) 1:3 (C) 1: 4 (D) 1: 8

(3) નિલમની વાર્ષિક આવક રૂ. 2,88,000 છે. તેની વાર્ષિક બચતરૂ. 36,000 છે. તેની બચતનો તેના ખર્ચ સાથેનો ગુણોત્તર...

(A) 1:8 (B) 1: 7 (C) 1: 6 (D) 1: 5.

(4) એક પેટીમાં લાલ લખોટીઓનો વાદળી લખોટીઓ સાથેનો ગુણોત્તર 7: 4છે. તો પેટીમાં કુલ કેટલી લખોટીઓ હોઈ શકે ?

(A) 18 (B) 19 (C) 21 (D) 22

(5) 2:3, 5: 8, 75: 121 અને 40: 25 પૈકી સૌથી મોટો ગુણોત્તર...

(A) 2 : 3 (B) 5 : 8 (C) 75: 121 (D) 40:25

(6) એક વર્ગમાં છોકરાઓની સંખ્યા 6 છે અને છોકરીઓની સંખ્યા શુ છે. છોકરાઓની સંખ્યાનો વર્ગના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા સાથેનો ગુણોત્તર...

(A) $\frac{b}{b+g}$ (B) $\frac{g}{b+g}$ (C) $\frac{b}{g}$ (D) $\frac{b+g}{b}$

2. ખૂટતી સંખ્યા લખો. 6 marks

(1) $\frac{3}{5} = \frac{\cdots\cdots}{20}$

(2). $\frac{8}{\cdots\cdots} = \frac{3.2}{4}$

(3). $\frac{16}{36} = \frac{\cdots\cdots}{63} = \frac{\cdots\cdots}{\cdots\cdots} = \frac{\cdots\cdots}{117}$

3. ખાલી જગ્યા પૂરો. 5 marks

(2) ગુણોત્તર એ ..................... ની રીતે સરખામણી છે.

(2) જો બે ગુણોતર સરખા હોય તો તેઓ .................. માં છે.

(3) બે જથ્થાઓનો ગુણોત્તર શોધવા માટે તેઓને ................ એકમમાં દર્શાવવા પડે.

(4) શનિ અને ગુરુ તેમની ધરી પર એક પરિભ્રમણ પૂર્ણ કરવા માટે અનુક્રમે 9 કલાક 56 મિનિટ અને 10 કલાક 40 મિનિટ સમય લે છે. શનિ અને ગુરુ દ્વારા લેવાતા સમયનો ગુણોત્તર અતિસંક્ષિપ્ત રૂપમાં .............. : ............ છે.

(5) 100 મિલી પાણીમાં 10 ગ્રામ કોસ્ટિક સોડા ઓગાળીને તેનું દ્રાવણ બનાવેલ છે. 1 લિટર પાણીમાંથી આ જ પ્રકારનું દ્રાવણ બનાવવા માટે ................. કોસ્ટિક સોડા જોઈશે.

4. રમેશ મહિને રૂ. 28000 કમાય છે. તેની પત્ની રમા મહિને રૂ. 36000 કમાય છે. તે પરથી નીચેના પ્રશ્નોના જવાબ મેળવો. 2 marks

(A) રમેશની કમાણીનો તેમની કુલ કમાણી સાથેનો ગુણોત્તર શોધો.

(B) રમાની કમાણીનો તેમની કુલ કમાણી સાથેનો ગુણોત્તર શોધો.

(5) એક શાળામાં મોટા ઓરડાની સંખ્યા અને નાના ઓરડાની સંખ્યાનો ગુણોત્તર 3:4છે. જો નાના ઓરડાની સંખ્યા 20 હોય તો મોટા ઓરડાની સંખ્યા શોધો. 2 marks

(6) ચા નો એક વેપારી રૂ. 234 અને રૂ. 130નાભાવની ચા તેમના ભાવના ગુણોત્તરના પ્રમાણમાં મિશ્ર કરે છે. જો આ મિશ્રણનું વજન 84 કિગ્રા હોય તો તેમાં દરેક ભાવની ચાનું વજન કેટકેટલું હશે? 2 marks

(7) 8 હેક્ટર જમીનમાંથી 360 ક્વિન્ટલ ઘંઉનું ઉત્પાદન થાય છે. તો 540 ક્વિન્ટલ ઘંઉના ઉત્પાદન માટે કેટલા હેક્ટર જમીનની જરૂર પડશે? 2 marks